For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

તહેવાર ટાણે જ પ્રજાને મોંઘવારીનો ભાર

દાળ, તેલ, મસાલા અને ખાંડ સહિતની ખાદ્ય સામગ્રીમાં ભાવવધારો

ડુંગળીનો ભાવ ₹.23થી વધીને 54 થયો

સનફ્લાવર તેલના ભાવ 31 રૂપિયા વધી ગયા, એક વર્ષમાં ખાદ્ય ચીજોના ભાવ 10થી 15 ટકા વધી ગયા

સુરતઃ હાલમાં દાળ, ખાદ્યતેલ, ડુંગળી અને મસાલા સહિત જીવનજરૂરી દરેક ચીજ વસ્તુઓની બેકાબૂ મોંઘવારીએ સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારોના રસોડાનું બજેટ ખોરવી નાંખ્યું છે. તહેવારોની સિઝનની શરૂઆતમાં જ ગૃહિણીઓ માટે ઘરખર્ચ ચલાવવો મુશ્કેલ બની ગયો છે. બીજી તરફ સામાન્ય અને મુધ્યમવર્ગના પરિવારોના ઘરખર્ચમાં વધારો થયો છે.

સુરતમાં ફળ અને શાકભાજી માર્કેટનાં હોલસેલ વ્યાપારી ઉમેશભાઈ ભાવસાર જણાંવે છે કે, પાછલા કેટલાક વર્ષોથી ડુંગળીનાં ભાવો સ્થિર રહ્યા નથી, રોજિંદા રસોઈમાં વપરાતી ડુંગળીના ભાવમાં પણ મોટો વધારો થયો છે. સરેરાશ છૂટક ભાવ રૂ.23 હતો, જે વધીને 54 રૂ. પ્રતિ કિલો થયો છે, જ્યારે ગયા વર્ષે આ જ સમયગાળામાં ડુંગળી 26 રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળતી હતી. એટલે કે એક વર્ષમાં ડુંગળીનો ભાવ લગભગ બમણો થયો છે. બીજી તરફ ટામેટાંનો ભાવ 39 રૂપિયા પ્રતિ કિલો થયો છે, જે ગયા વર્ષે 36 રૂપિયા હતો. બટાકાનો ભાવ પણ આશરે 22 રૂપિયા પ્રતિ કિલો છે. આ ઉપરાંત લીલા શાકભાજી, આદુ અને લસણના ભાવમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. રોંજીદા વપરાશની વસ્તુ એવી ખાંડનો ભાવ પણ વર્ષ 2013માં પ્રતિ કિલો 37 રૂપિયા હતો, જે ઓગસ્ટમાં

...અનુસંધાન પાના ૭ પર

મોંઘવારી કેટલી વધી, વધવાના કારણો

ચીજવસ્તુ	અંદાજિત બજાર ભાવ (કિલોદીઠ)	મુખ્ય કારણ
કઠોળ	100થી 150 આશરે 48%થી 50% સુધીનો વધારો	મોંઘું ચોમાસું અને ખરીફ પાકની આવકમાં વિલંબ
દૂધ	40થી 60 આશરે 12%થી 15% વાર્ષિક વધારો	નબળા અથવા અનિયમિત વરસાદને કારણે ઉત્પાદન પર અસર
ખાદ્યતેલ	150થી 200 અંદાજિત 8% થી 10%નો વધારો	આંતરરાષ્ટ્રીય બજાર અને સપ્લાય ચેઇનનો ખર્ચ
મસાલા	200થી 400, લગભગ 3%+ થયો	પ્રતિકૂળ હવામાન અને સંગ્રહખોરી તેમજ પરિવહન ખર્ચ

(તસવીર : પ્રવીણ તેંરૈયા, સુરેશ ગાંધી)

અંકલેશ્વર GIDCમાં એન્વાયરો ટેક્નોલોજી લિમિટેડમાં

60 લાખ લીટર ક્ષમતાની પાણીની ટાંકી ધડાકાભેર તૂટી, ચાર ઘાયલ

પ્રાથમિક આશંકા મુજબ ટાંકીમાં પાણીનું પ્રેશર અચાનક વધી જવાના કારણે તેની દીવાલ ધરાશાયી થઈ

વિશાળ પાણીની ટાંકી અચાનક તૂટી પડતાં ઔદ્યોગિક એકમોના કમ્પાઉન્ડમાં પાણી ફરી વળ્યા

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વર GIDCમાં આવેલી એન્વાયરો ટેક્નોલોજી લિમિટેડ (ETL) કંપનીમાં મંગળવારે પાણીની આશરે 60 લાખ લીટર ક્ષમતા ધરાવતી વિશાળ ટાંકી અચાનક ધડાકાભેર તૂટી પડતાં ભારે દોડધામ મચી ગઈ હતી. ટાંકી તૂટતાં પાણીનો જોરદાર પ્રવાહ બહાર ઘસી આવતાં કંપની આસપાસના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. રસ્તા પર નદી વહેતી હોય તેવાં દૃશ્યો સર્જાયાં હતાં. ઘટનામાં ચાર લોકોને સામાન્ય ઈજા થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ અંકલેશ્વર GIDC સ્થિત ETL કંપનીના પરિસરમાં આવેલી વિશાળ પાણીની ટાંકી અચાનક તૂટી પડતાં હજારો લીટર પાણી પ્રચંડ વેગે બહાર નીકળ્યું હતું. પાણીના ભારે પ્રવાહને કારણે કંપનીની આસપાસ આવેલાં અન્ય ઔદ્યોગિક એકમોના કમ્પાઉન્ડમાં પણ પાણી ફરી વળ્યા હતા. નજીકથી પસાર થતો મુખ્ય માર્ગ પણ પાણીના ધસમસતા પ્રવાહથી ધોવાઈ ગયો હતો. પ્રાથમિક આશંકા મુજબ ટાંકીમાં પાણીનું પ્રેશર અચાનક વધી જવાના કારણે તેની દીવાલ ધરાશાયી થઈ હોવાનું માનવામાં આવી રહ્યું છે. જોકે, ટાંકી તૂટવાનું ચોક્કસ કારણ તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

ટાંકીમાંથી પ્રેશર સાથે પાણી બહાર નીકળતાં નજીકથી પસાર થઈ રહેલા ચાર લોકોને સામાન્ય ઈજા પહોંચી હતી. ઇજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં મામલતદાર રાજન વસાવા સહિતની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને સમગ્ર પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. કંપનીના સંચાલકો તેમજ સ્થાનિક તંત્રના અધિકારીઓએ પણ સ્થળ પર પહોંચી નુકસાન અને પરિસ્થિતિ અંગેની વિગતો મેળવવાની કામગીરી હાથ ધરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ETL

...અનુસંધાન પાના ૭ પર

અખાદ્ય ખોરાકનો વિડીયો વાયરલ થયા બાદ બાર્બેક્યૂ નેશનને 10 હજારનો દંડ

મનપાના આરોગ્ય વિભાગ દ્વારા દરોડા પાડી ખાદ્યચીજોનાં સેમ્પલ લઈ લેબોરેટરીમાં ચકાસણી અર્થે મોકલાયાં હતાં

સુરતઃ શહેરના પોશ વિસ્તાર ગણાતા ઘોડદોડ રોડ સ્થિત જાણીતી 'બાર્બેક્યૂ નેશન' હોટલમાં ગ્રાહકોને અખાદ્ય વસ્તુઓ પીરસવામાં આવતી હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી હતી. સોમવારે હોટલમાં જમવા આવેલા એક જાગૃત ગ્રાહકે સડેલા બટાકા સહિતની અખાદ્ય વાનગીઓનો વિડીયો બનાવી સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો હતો. આ વિડીયો વાયરલ થતાં જ ભારે ચર્ચા જાગી હતી, જેના આધારે મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગને પણ લેખિત ફરિયાદ કરવામાં આવી હતી. ફરિયાદને પગલે આરોગ્ય વિભાગની ટીમે મંગળવારે સવારે હોટલ પર દરોડા પાડી સઘન તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ખાદ્યચીજોનાં સેમ્પલ લઈને લેબોરેટરીમાં ચકાસણી અર્થે મોકલવામાં આવ્યાં હતાં તેમજ પાલિકાની ગાઈડલાઈનનું ઉલ્લંઘન કરવા બદલ હોટલ સંચાલકોને 10,000નો દંડ ફટકારીને નોટિસ આપવામાં આવી હતી.

શહેરની અનેક નામાંકિત હોટલો અને રેસ્ટોરન્ટ્સમાં ગંદકી વચ્ચે અખાદ્ય ખોરાક પીરસીને લોકોનાં સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરવામાં આવી રહ્યા હોવાની ઘટનાઓ સતત વધતી જાય છે. મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા સમયાંતરે

...અનુસંધાન પાના ૭ પર

મેયર મોડા પડતાં સેવાસેતુ કાર્યક્રમ ધારાસભ્યોએ ચાલુ કરાવી દીધો

કતારગામમાં સવારે 10 વાગ્યે કાર્યક્રમ શરૂ થવાનો હતો, પરંતુ મેયર સમયસર આવ્યા જ નહીં

ફોન પર પૂછપરછ કરવામાં આવી તો મેયર મોડા આવશે તેવું જણાતાં આખરે દીપ પ્રાગટ્ય કરી દેવાયું

સુરતઃ સુરતના કતારગામ સ્થિત સિંગણપોર મલ્ટીપર્પઝ હોલ ખાતે નાગરિકોના પ્રશ્નોના સ્થળ પર જ ઉકેલ માટે યોજાયેલા 'સેવાસેતુ' કાર્યક્રમમાં મેયરની ગેરહાજરી અને વિલંબના કારણે ધારાસભ્યોએ જાતે જ મોરચો સંભાળી કાર્યક્રમ શરૂ કરી

...અનુસંધાન પાના ૭ પર

મેયર અન્ય કાર્યક્રમો બાદ એક કોર્પોરેટરને ત્યાં ચા-નાસ્તો કરી ઘરે કપડાં બદલવા જતાં મોડા પડ્યા

મેયર માયા માવાણી સવારના અન્ય કાર્યક્રમો (વૃક્ષારોપણ અને સફાઈ અભિયાન) પૂર્ણ કરી સીધા આવવાને બદલે એક કોર્પોરેટરને ત્યાં ચા-નાસ્તો કરવા અને ત્યારબાદ વસ્ત્રો બદલવા પોતાના ઘરે ગયા હોવાથી મોડા પડ્યા હતા. મેયરના આ વલણ અને કેટલાક જવાબદાર અધિકારીઓની ગેરહાજરી વચ્ચે, ધારાસભ્યોની સમયસૂચકતાને કારણે કાર્યક્રમ આખરે શરૂ થઈ શક્યો હતો.

દિવાળી-છઠ પર ઉધના સ્ટેશને AI ભીડ ગણશે

રિયલ ટાઈમ ડેટા જણાવશે ક્યા રૂટ પર જોઈએ સ્પેશિયલ ટ્રેન

કુંભની તર્જ પર રેલવેનો નવો પ્રયોગ, કેમેરાથી દરેક સમયે મુસાફરોની સંખ્યાનો અંદાજ

ભીડ વધતા જ કંટ્રોલ રૂમને મળશે એલર્ટ

સુરતઃ દિવાળી અને છઠ દરમિયાન ઉત્તર પ્રદેશ-બિહાર જતા મુસાફરોની ભીડને પહોંચી વળવા રેલવે આ

...અનુસંધાન પાના ૭ પર

AI કાઉન્ટિંગ આ રીતે કરશે કામ

AI સિસ્ટમ કેમેરાની વિડીયો ફીડને સતત ફ્રેમ-ટુ-ફ્રેમ પ્રોસેસ કરે છે. તેમાં કોમ્પ્યુટર વિઝન ટેક્નોલોજી મુસાફરોની આકૃતિઓને ઓળખીને તેમને અલગ-અલગ ઓબ્જેક્ટ તરીકે ચિહ્નિત કરે છે. ત્યારબાદ એક જ મુસાફરને વારંવાર ગણવાથી બચવા માટે ઓબ્જેક્ટ ટ્રેકિંગ ટેક્નોલોજીનો ઉપયોગ થાય છે. નિર્ધારિત વિસ્તારમાં કેટલા લોકો પ્રવેશી રહ્યા છે, કેટલા બહાર નીકળી રહ્યા છે અને કોઈ સ્થળે કેટલા સમયમાં ભીડ વધી રહી છે, તેનો રિયલ ટાઈમ અંદાજ તૈયાર કરી શકાય છે.

ભીડ વધશે તો તરત બદલાશે રણનીતિ

જો કોઈ ટ્રેન કે રૂટ માટે મુસાફરોની સંખ્યા નક્કી મર્યાદા કરતા ઝડપથી વધશે, તો કંટ્રોલ રૂમને એલર્ટ મળી શકે છે. આનાથી રેલવે અગાઉથી જ વધારાની ટ્રેન, વધારાના કોચ, પ્લેટફોર્મ વ્યવસ્થા કે હોલ્ડિંગ એરિયાની ક્ષમતા વધારવા જેવા પગલાં પર નિર્ણય લઈ શકશે. એટલે કે ભીડ જમા થયા બાદ વ્યવસ્થા કરવાને બદલે ભીડ વધવાના સંકેત મળતા જ તૈયારી શરૂ કરી શકાશે.

ગયા વર્ષે ભીડના કારણે અફરાતફરી મચી હતી, લાઠીચાર્જ પણ કરાયો હતો

સુરત અને ઉધના રેલવે સ્ટેશન પર દિવાળી અને છઠ્ઠ પૂજા જેવા તહેવારો ટાણે વતન જનારા પરપ્રાંતિય શ્રમિકોની ભારે ભીડ અને તેના કારણે થતી અફરાતફરીનો ઇતિહાસ પાછલા વર્ષોમાં ખૂબ જ ગંભીર રહ્યો છે. ઉત્તર પ્રદેશ, બિહાર અને ઝારખંડ તરફ જતી ટ્રેનોમાં બેસવા માટે લાખોની સંખ્યામાં મુસાફરો ઊમટી પડતા હોવાથી રેલવે તંત્રની વ્યવસ્થાઓ વારંવાર વામણી સાબિત થઈ છે. ભૂતકાળમાં ખાસ

...અનુસંધાન પાના ૭ પર

ડેટાના આધારે સ્પેશિયલ ટ્રેનો દોડાવી શકાશે

આનો સૌથી મોટો ફાયદો એ થશે કે રેલવેને માત્ર ટિકિટ વેચાણ કે પાછલા વર્ષોના આંકડા પર નિર્ભર રહેવું પડશે નહીં. રિયલ ટાઈમ ક્રાઉડ ડેટાથી એ સમજવામાં મદદ મળશે કે ક્યા સમયે, કઈ દિશા અને ક્યા રૂટના મુસાફરોની સંખ્યા સૌથી વધુ વધી રહી છે. આનાથી સ્પેશ્યલ ટ્રેનોનું આયોજન વધુ ડેટા આધારિત થઈ શકશે અને ઉધના સ્ટેશન પર મુસાફરોની ભીડને સુરક્ષિત રીતે અલગ-અલગ વિસ્તારોમાં નિયંત્રિત કરવામાં મદદ મળશે.

બફારા વચ્ચે સુરતમાં આગામી બે દિવસ વરસાદની આગાહી

ચોમાસુ વિદાય લે તે પહેલા વરસાદની સંભાવના, તાપમાન 33.8 ડિગ્રી નોંધાયું

સુરતઃ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વરસાદે વિરામ લેતાં ગરમી અને બફારાએ જોર પકડ્યું છે, પરંતુ આ ઉકળાટ વચ્ચે સુરતીઓ માટે રાહતના સમાચાર છે. હવામાન વિભાગ દ્વારા આગામી બે દિવસ દરમિયાન સુરત શહેર અને આસપાસના વિસ્તારોમાં હળવા છૂટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે. હાલમાં ચોમાસું ધીમે ધીમે વિદાય તરફ આગળ વધી રહ્યું છે, આમ છતાં ચોમાસાની સત્તાવાર વિદાય પહેલાં હવામાનમાં ફરી એકવાર પલટો જોવા મળી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, વિદાયના આ તબક્કામાં પણ સ્થાનિક હવામાન પરિસ્થિતિને કારણે કેટલાક વિસ્તારોમાં અચાનક વરસાદી ઝાપટાં પડી શકે છે. જેના પરિણામે દિવસ દરમિયાન ગરમી અને ઉકળાટ વચ્ચે અચાનક વરસાદી માહોલ સર્જાવાની શક્યતા છે.

અગાઉના હવામાનની વાત કરીએ તો, વરસાદના વિરામ બાદ સુરતમાં ધીમે ધીમે ગરમીએ પોતાનો આકરો મિજાજ બતાવવાનું શરૂ કર્યું છે. આજે શહેરમાં દિવસભર તેજ તડકો રહેતા ગરમીનો પ્રકોપ વધ્યો હતો. વરસાદી માહોલમાંથી બહાર આવી રહેલા શહેરમાં તાપમાનમાં પણ થોડો વધારો નોંધાયો છે. હવામાન વિભાગના આંકડા મુજબ, આજે સુરતમાં મહત્તમ તાપમાન અગાઉની સરખામણીએ અડધો ડિગ્રી વધીને 33.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું,

...અનુસંધાન પાના ૭ પર

અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

શ્રદ્ધાંજલિ
જીવન એવું જીવી ગયા કે કયારેય ભુલાય નહીં, જીવનભર મહેનત કરી શુન્યમાંથી સર્જન કર્યું, ધૂપસળી જેવું જીવન જીવી કુંટુંબને સુખના સાગરમાં તરતા મુકી ગયા, તમારો લાગણી ભર્યો સ્વભાવ અને અમારા સૌ સાથેનો આત્મીય લગાવ હંમેશા યાદ રહેશે, આંખો હજુ નિહાળે છે તમને,અંતર હજી પોકારે છે તમને, તમારુ સ્મરણ થાય છે ત્યારે મન મુકીને રડાવે છે. અમને સૌકમાં તમારી શોભા હતી. પ્રભુ આપના આત્મજનોને જીવન જીવવાની શકિત અને ધીરજ અર્પે એજ આપના આશીર્વાદ સાથે
અમારા સૌની સાશ્રુ પ્રાર્થના સહ શ્રદ્ધાંજલિ ....
સ્વ. મનહરલાલ જમીયતરામ માંડવીવાલા સ્વ. તા.30-09-2012
લિ.
From : B. R. Co. &
શ્રીમતી નયનતારા મનહરલાલ માંડવીવાલા અને માંડવીવાલા પરિવાર


શ્રદ્ધાંજલિ
ॐ असतो मा सद्गमय ।
तमसो मा ज्योर्तिगमय ।
मृत्योर्मा अमृतं गमय ।
ॐ शांतिः शांतिः शांतिः ॥
વડીલના ચરણોમાં સાદર પ્રણામ સહ ભાવભીની શ્રધ્ધાંજલિ....
પ્રભુ સદ્ગતના આત્માને મોક્ષ પ્રદાન કરે એવી પ્રાર્થના.
ૐ શાંતિ....શાંતિ....શાંતિ....
સ્વ. રસિકચંદ્ર ધીરજલાલ હાંસોટી સ્વ. તા. ૨૮/૦૯/૨૦૨૫
સ્વ. મહેન્દ્રભાઈ નાથુભાઈ કતારગામવાળા પરિવાર


શ્રદ્ધાંજલિ
નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।
ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ ॥
આપશ્રી ની ચિર વિદાયથી સંસ્થાએ એક કર્તવ્યનિષ્ઠ રત્ન ગુમાવ્યો છે.
સદ્ગતના આત્માને શાશ્વત શાંતિની પ્રાપ્તિ થાઓ
એજ અમારી સૌની પ્રભુને પ્રાર્થના...
સ્વ. રસિકચંદ્ર ધીરજલાલ હાંસોટી સ્વ. તા. ૨૮/૦૯/૨૦૨૫
શ્રી અંબિકાનિકેતન ટ્રસ્ટ પરિવાર અઠવા, સુરત.


અશુભ
લેઉવા પાટીદાર અવસાન
દિલગીરી સહ જણાવવાનું કે અમારા ધર્મપત્ની
લીલાબેન અંબારામભાઈ પટેલનું
તા. ૨૯/૦૯/૨૦૨૬ ને મંગળવારનાં રોજ
દુઃખદ અવસાન થયેલ છે.
સદ્ગતનું બેસણું
તા. ૦૩/૧૦/૨૦૨૬ને શનિવારનાં રોજ બપોરે ૩.૦૦ કલાકે ''સાંસ્કૃતિક ભવન'', સારોલી. મુકામે રાખેલ છે.
મો. ૯૮૨૪૧ ૦૩૬૩૧, ૯૮૨૪૧ ૨૩૨૧૧
નોંધ : લૌકિક રિવાજ સદંતર બંધ રાખેલ છે.
સ્વ. લીલાબેન અંબારામભાઈ પટેલ
સ્વ. તા. ૨૯-૦૯-૨૦૨૬
લિ.
અંબારામભાઈ નાથુભાઈ પટેલ (પતિ)
જયાબેન હર્ષદભાઈ પટેલ (પુત્રવધુ) | હર્ષદભાઈ અંબારામભાઈ પટેલ (પુત્ર)
પ્રિતીબેન કમલેશભાઈ પટેલ (પુત્રવધુ) | કમલેશભાઈ અંબારામભાઈ પટેલ (પુત્ર)
માયાબેન હિતેશભાઈ પટેલ (પુત્રવધુ) | હિતેશભાઈ અંબારામભાઈ પટેલ (પુત્ર)
રંજનબેન રાજુભાઈ પટેલ (પુત્રી) | રાજુભાઈ છીતુભાઈ પટેલ (જમાઈ)
ફેના ડેનિસભાઈ પટેલ (પૌત્રવધુ) | ડેનિસ હર્ષદભાઈ પટેલ (પૌત્ર)
સ્વ. મહર્ષ હર્ષદભાઈ પટેલ (પૌત્ર)
તુલસી દર્શનભાઈ પટેલ (પૌત્રવધુ) | દર્શન કમલેશભાઈ પેટલ (પૌત્ર)
શિવ હિતેશભાઈ પટેલ (પૌત્ર)
દિયા કમલેશભાઈ પટેલ (પૌત્રી)
તુલસી હિતેશભાઈ પટેલ (પૌત્રી) | અર્જુન ડેનિસભાઈ પટેલ (પ્રપૌત્ર)
પિયરપક્ષ (કંટાળી ગામ)
સુરેશભાઈ મગનભાઈ પટેલ (ભાઈ) - સ્વ. વસંતભાઈ મગનભાઈ પટેલ (ભાઈ)
રમેશભાઈ મગનભાઈ પટેલ (ભાઈ)


શ્રદ્ધાંજલિ
પ. પૂજ્ય શ્રી ભારતીમૈયા – "પૂજ્ય માં" ના માનવ કલ્યાણકારી સેવાકીય સંકલ્પોને સદા આગળ ધપાવવાના સતત પ્રયાસો થકી, સેવાકીય સંસ્થાની પ્રગતિ કૂચને કાયમ રાખવા માટે સતત કાર્યરત રહ્યા, તેઓની દક્ષતા, દીર્ઘદ્રષ્ટિ, કાર્યકુશળતા તેમજ સંસ્થા પ્રત્યે સ્વાર્પણની ભાવના સાથે સંસ્થામાં તેમના જીવનના અમૂલ્ય સમયનું યોગદાન રહ્યું એવા
શ્રી રસિકચંદ્ર ધીરજલાલ હાંસોટીની આપણી વચ્ચેથી ચિર વિદાયથી સંસ્થાએ એક કર્તવ્યનિષ્ઠ રત્ન ગુમાવ્યો છે.
સદ્ગતના આત્માને શાશ્વત શાંતિની પ્રાપ્તિ થાઓ એજ અમારી સૌની પ્રભુને પ્રાર્થના...
સ્વ. રસિકચંદ્ર ધીરજલાલ હાંસોટી સ્વ. તા. ૨૮/૦૯/૨૦૨૫
ટ્રસ્ટી મંડળ
શ્રીમતી ચંદ્રિકાબેન મકવાણા | શ્રી ઠાકોરભાઈ પટેલ
શ્રી ગોવિંદભાઈ ધોળકીયા | શ્રી ભરતભાઈ પટેલ
શ્રી સેવંતીભાઈ શાહ | શ્રીમતી નલિનીબેન બી. પટેલ
શ્રી કનુભાઈ શાહ | શ્રી જીગ્નેશભાઈ નાયક
ડૉ. શ્રી મહેન્દ્રસિંહ ચૌહાણ | શ્રીમતી રૂચાબેન જે. નાયક
ડૉ. શ્રી ગિરીશભાઈ શાહ | શ્રી રૂપેન્દ્રસિંહ મકવાણા
શ્રી ભારતીમૈયા મેમોરિયલ ફાઉન્ડેશન સંચાલિત ભરત કેન્સર હોસ્પિટલ એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ નિરાલી મેમોરિયલ રેડિયેશન સેન્ટર - બી. એમ. એફ. ટોમોથેરાપી યુનિટ - પેટ સ્કેન સેન્ટર

પ્રથમ પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ
હંસ વિના સરોવર સુના, ગૈયા વિના વાછરડાં, સાદ કરી સંભાળે, હરપલ રડે તમારા છૈયા, બે બોલ મીઠા કોણ કહેશે, હવે કોણે કહીશું મૈયા, હે પુણ્યાત્મા શ્રદ્ધા-સ્નેહના પુષ્પથી અમારા વંદન, પરિવારના વટવૃક્ષ સમાન આપની છત્રછાયા આજે અમારી પાસે રહી નથી પરંતુ આપના ઉમદા સંસ્કાર અને આપે શીખવેલ જીવન જીવવાની કળા આમારી સાથે કાયમ રહેશે અમો એ ઉચ્ચ સંસ્કારોનું ભાથુ લઈ જીવન પથ પર આગળ વધી રહ્યા છે આપની ખોટ હરહંમેશ લાગે છે અને લાગતી રહેશે, પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
સ્વ. કોકીલાબેન કિરીટલાલ ખરવર સ્વ. તા. : ૧૨-૦૯-૨૦૨૫ તિથિ ભાદરવા વદ પાંચમ
લિ.
સ્વ. કિરીટલાલ બળવંતરાય ખરવર
ભૂપેન્દ્ર કિરીટલાલ ખરવર (પુત્ર) | પ્રતિમા ભૂપેન્દ્ર ખરવર (પુત્રવધુ)
ચેતન કિરીટલાલ ખરવર (પુત્ર) | વીમી ચેતન ખરવર (પુત્રવધુ)
કલ્પેશ કિરીટલાલ ખરવર (પુત્ર) | દિપાલી કલ્પેશ ખરવર (પુત્રવધુ)
સ્નેહીલ ભૂપેન્દ્ર ખરવર (પૌત્ર) | નિકિતા સ્નેહીલ ખરવર (પૌત્રવધુ)
પ્રેમલ ભૂપેન્દ્ર ખરવર (પૌત્ર) | હેત્વી પ્રેમલ ખરવર (પૌત્રવધુ)
વત્સલ ચેતન ખરવર (પૌત્ર) | પૂજા વત્સલ ખરવર (પૌત્રવધુ)
જિનિલ કલ્પેશ ખરવર (પૌત્ર) | ધ્રુવિલ કલ્પેશ ખરવર (પૌત્ર)
ક્રિયાંશ-વેદાંશ-હર્ષિવ-શાર્વિલ (પ્રપૌત્ર) આદ્યી (પ્રપૌત્રી)
અંકુરકુમાર કુંદનભાઈ જરીવાલા(જમાઈ) | ખ્યાતિ અંકુરકુમાર જરીવાલા(પૌત્રી)
ચિંતનકુમાર રાકેશભાઈ દિવેટીયા(જમાઈ) | નિષ્ઠા ચિંતનકુમાર દિવેટીયા(પૌત્રી)
જૈનિલ - યુગ - દિવિશા - વામિકા (દોહીત્ર)
પ્રાર્થના સહ.. સી. ગોપાલ પરિવાર

ભાવભીની શ્રધ્ધાંજલિ
સ્વ. કેતન વિનોદભાઈ પટેલ
જન્મ તા. 03/02/૧૯૮૮ । સ્વ. તા. ૨૬/૦૯/૨૦૨૬
રડી પડે છે આંખો અમારી, દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી, પળભરમાં છેતરી ગયા અમને, માત્ર યાદગીરીના પુષ્પો અને વહેતા આંસુના અભિષેક અર્પણ કરીએ છીએ, પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે તે જ પ્રાર્થના.
મિસ યુ મિત્ર
લિ. ભૈયાજી મોહલ્લા ગ્રુપ
મનીષભાઈ આર. પટેલ | શ્રીકાંત વાય. પટેલ | મોહન એસ. પટેલ
આનંદભાઈ આર. પટેલ | સંતોષ એમ. પટેલ | મુકુંદ ડી. પટેલ
રાજુભાઈ ડી. પટેલ | હિતેશ પી. પટેલ | જીગર એમ. પટેલ
અજયભાઈ એલ. પટેલ | અલય એમ. પટેલ | કે. સી. પટેલ
રોહન એ. પટેલ | હર્ષિલ જી. પટેલ | હેમંત ડી. પટેલ
કપિલ આઈ. પટેલ | હર્ષ કે. પટેલ | અર્ચન બી. પટેલ
પ્રિયંક એ. પટેલ | જાસ્મીન આર. પટેલ | શેફલ બી. પટેલ
યંકેશ એમ. પટેલ | મિતુલ એ. પટેલ | વી. સી. પટેલ
બંટી એમ. પટેલ | મિલન એ. પટેલ | કુંજન ડી. પટેલ
અભિષેક એ. પટેલ | પીનલ પી. પટેલ | નીરવ ડી. પટેલ
અંકિત વાય. પટેલ | હિયાન વી. પટેલ | દીપ એમ. પટેલ